આઈસીએઆર – અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજના (ફળ)

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ફળ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
ગણદેવી – ૩૯૬ ૩૬૦

ICAR

ડો. એ.પી.પટેલ
સહ સંશોધન વૈજ્ઞાનિક (ફળ)

Email: frsgandevi@nau.in
મો. ૯૪૨૭૧ ૧૨૯૪૭

જા. નં. સસંવૈ/ફસકે/ટી-૧/ ૩૩૨ /૨૦૨૫ , ગણદેવી તા. ૨૬-૦૩-૨૦૨૫

# -: જાહેરાત :-

આથી તમામ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોને જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવી હસ્તકની નર્સરી માથી આંબા તેમજ ચીકુની ભેટ કલમ, સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમ અને નાળીયેરીની વિવિધ જાતોના રોપાનું વેચાણ કરવામાં આવે છે. જે માટે ઓન-લાઇન અરજીઓ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૫ (૧-૪-૨૦૨૫) થી ૧૫મી એપ્રિલ, ૨૦૨૫ (૧૫-૦૪-૨૦૨૫) સુધી સ્વીકારવામાં આવશે. આંબા તેમજ ચીકુ ની કલમો તેમજ નાળીયેરીના રોપ માટેની અરજી નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઇટ www.nau.in પરથી ભરી શકશે અથવા સીધું https://eshop.nau.in વેબસાઇટ ઓપન કરી કલમ /રોપાની નોધણી કરાવી શકશે. ઓનલાઇન કરેલ અરજીઓ જ ગ્રાહ્ય રાખવામા આવશે. જે માટે સૌ પ્રથમ વેબસાઇટ www.nau.in પર જઇ Home Page પર જવું. ત્યાર બાદ નીચે આપેલ વિવિધ ખાના માથી e-shop પર જવું અને Farmer Registration (ખેડૂત તરીકેની નોધણી) કરવું. ત્યાર બાદ ફરીથી e-shop પર જવું અને Sign in કરવું એટલે વિવિધ કેન્દ્રોની જાહેરાત દેખાશે. અગાઉ Farmer Registration કરેલ ખેડુતે ફરીથી Registration કરવાની જરૂર નથી તેમણે સીધા જ Sign in માં જવુ. અગાઉ Registration સમયે આપેલ મોબાઇલ નંબર અને આપે બનાવેલ પાસવર્ડનો ઉપયોગ કરવો.જે કેન્દ્ર પરથી કલમ લેવી હોય તે કેન્દ્રની જાહેરાત ખોલી માંગ્યા મુજબની વિગતો ભરી કલમ નોધણી કરવી. ભેટ કલમ અને સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમની ફાળવણી અંદાજે ઓગસ્ટ માસમાં કરવામાં આવશે. તે માટે રજીસ્ટર મોબાઈલ ઉપર SMS આવશે ત્યારે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે **૭-૧૨** અને **૮-અ** (ઓરીજીનલ) અને **આધાર કાર્ડની** નકલ જે તે કેન્દ્ર ખાતે આપી આપની કલમ લઈ જવાની રહેશે.

વધુમાં ખેડૂતોને નોધણીમાં અગવડતા પડે તો ઉપરના કેન્દ્રો ઉપર રૂબરૂ જય પોતાની નોધણી કરાવી શકશે. જે માટે આદારકાર્ડ અને ૭-૧૨ અને ૮-આ ની નકલ તેમજ રજીસ્ટર્ડ મોબાઈલ સાથે લઈ આવવું.

સરકારી અને અર્ધા સરકારી સંસ્થાઓએ કલમ મેળવાવા માટે ઓનલાઇન અરજી ન કરતા સીધા જે તે કેન્દ્રમાં લેખિત અરજી કરવાની રહેશે.

સહ સંશોધન વૈજ્ઞાનિક (ફળ)
ફળ સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
ગણદેવી